# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

'હિન્દી'ના નિર્ણયથી પ્રાદેસિકો ઉખડી પડે છે!
ને આર્થિક નિર્ણય લે તો પ્રજા ઉકળી પડે છે!
ખખડી પડેલાં તંત્રે અઘરા છે પૂરવા પ્રાણ -
હજુ ગતિ પકડે ને ગાડીઓ ગબડી પડે છે!

**હાઈકુ**

નિર્ણય કરો!
માત્ર 'રોપવા' નહીં
ઉછેરવાનો..
(વૃક્ષારોપણ)

વર્ષો થી સામે,
લટકે છે ગાજર -
'તેંત્રીસ ટકા'
(મહિલા આરક્ષણ)

## ચિંતન

**ધનેષુ જીવિતવ્યેષુ સ્ત્રીષુ ભોજનવૃત્તિષુ । અતૃપ્તાં માનવાઃ સર્વેયાતા યાસ્યન્તિ યાન્તિ ચ ॥**

'ધન-સમૃદ્ધિ-દોલત, જીવન-આયુષ્ય ભોગવૃત્તિ સ્ત્રી કે સ્ત્રી માટે પુરૂષ અને ભોજન આ ચારમાં માણસને કદાપિ સંતોષ તૃપ્તિ થતી નથી અર્થાત અસંતોષ જ રહ્યા કરે છે.'

ધન-સંપત્તિ એ 'નવ્વાણુંનાં ધક્કા' જેવી છે એક વખત લોભ-લાલચ મનમાં ઘર કરી જાય પછી હજારો-લાખો-કરોડોમાં તૃપ્તિ થતી નથી. બમણાં-તમણાં કરી દેનારા ઠગો એના પરિણામ પણ ભોગવે છે પણ લાલચ છોડી શકતા નથી.

લગભગ બધાને જિજિવિષા વૃત્તિ હોય છે. વૃદ્ધ-રોગી પણ ભલે બહારથી 'છૂટકારો' ની વાત કરે પણ-અંદરથી જીવી જવાની જ ઇચ્છા હોય છે.

શારીરિક ભોગ-વાસના વૃત્તિ પણ કોઇ પણ ઉંમર સુધી તૃપ્ત થતી નથી. પુરૂષની સ્ત્રી માટે કે સ્ત્રીની પુરૂષ માટે ભોગેચ્છા અતૃપ્ત જ રહે છે.

ભોજન-સ્વાદ-રસની પણ પરિતૃપ્તિ સંભવ નથી. પાચન પછી ભૂખ અને સ્વાદ કૂદકા માર્યા જ કરે છે.

જ્ઞાની અને ત્યાગી સિવાયના લોકોને આ ચાર બાબતમાં કદી સંતોષ થતો નથી.

## સુવિચાર

- 'ઝુઠ' બે વજહ દલીલ દેતા હૈ.. 'સચ' ખુદ અપના વકીલ હોતા હૈ **- જનકલ્યાણ**
- સ્વાસ્થ્ય અને સંયમ એ ચારિત્ર્યનાં બે ફેફસાં છે **- એસ. ભટ્ટાચાર્ય**
- કરેલાં કર્મોનું ફળ અચુક અહીંયા જ મળે છે માટે દુઃખ આવે ત્યારે ભગવાન પાસે માફી નહીં સદ્બુદ્ધિ અને સહનશક્તિ માંગો **- શાહબુદીન રાઠોડ**
- કહી દે એ વાતો દટાઇ જે મનમાં.., થઇ જા સાવ હળવો પછી વજનમાં... ભરી લે જે ગમતું હો આંખોમાં આજે.., નથી હોવાનું એકે ગજવું કફનમાં **- જીતુ પુરોહિત**
- દુનિયામાં 'પ્રેમ કરવો' ક્રિયાપદ પછીનું સૌથી વધુ સુંદર ક્રિયાપદ છે 'મદદ કરવી' **- પન્નાલાલ પટેલ**
- દુનિયાથી ત્રાસી જશો તો કેમ ચાલશે?? દુનિયામાં બેવકુફો જ ઝાઝા છે. આ દુનિયા તમારે ન જ જોવી હોય તો એકાંતમાં વસજો અને હાં ત્યાં જો અરીસો હોય તો તે પણ ફોડી નાખજો **- ઓશો**
- ભૂલ કાઢવા ભેજું જોઇએ અને ભૂલ સુધારવા કાળજું **- અખંડ આનંદ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

માણસ જુઠ્ઠો-દંભી છે છતાં નિર્દોષ પ્રાણી પર દોષારોપણ કરી પોતાનાં પાપ-દંભ છુપાવે છે પોતાની મુર્ખાઇ પણ મહેનત કસ પશુ પર ઓઢાળી પોતે જાતે દોઢ ડાહ્યો હોય એવું અભિમાન રાખે છે અને પોતાના દોષ છૂપાવે છે.

એક મગર અને ગધેડા વચ્ચે દોસ્તી હતી, ક્યારેક ફૂરસદના સમયે બંને નદી કાંઠે બેસીને સુખદુખની વાતો કરતા.

એકવાર મામસ જાતના દંભ અને દેખાડાની વાત નીકળી. મગર કહે, જો ને માણસ તો ક્યારેક વારતેવારે અપવાસ કરે છે જયારે મને તો ઘણીવાર આઠ-દસ દિવસ સુધી 'અપવાસ' થાય છે એ પીડામાં હું રડું તો પણ માણસ એવું જ કહે છે કે 'એ તો મગરના આંસુ' છે.

ગધેડો કહે મૂર્ખ માણસ મારું શોષણ કરે - ખાવા ન દે - માર મારે એને મારી કદર-કિંમત સમજાતી નથી. એવો ગમાર-મૂર્ખ છે છતાં કોઇ ભૂલ કરે તો કહે એમ કે 'સાવ ગધેડા જેવો છે.' આવા માનવ પ્રાણીને લોકો વિચારવંત અને બુદ્ધિમાન પ્રાણી શા માટે કહેતાં હશે?!

Email - sureshchandrabhatt18@gmail.com

# પૃથ્વી-૨ મિસાઇલનું પરીક્ષણ કયા સ્થળેથી કરવામાં આવ્યું?

**ખજાનો**
**- ડૉ. અનિલ પટેલ**

## રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્રવાહો

(૧) કયા સાહિત્યકારને વર્ષ-૨૦૧૩નું 'સરસ્વતી સન્માન' અપાયું હતું?
(અ) હરિવંશરાય બચ્ચન (બ) ગોવિંદ મિશ્ર
(ક) અમિત મિશ્ર (ડ) કિરણ દેસાઇ

(૨) બીસીસીઆઇના વચગાળાનાં અધ્યક્ષ કોને બનાવવામાં આવ્યા?
(અ) સુનીલ ગાવસ્કર (બ) રંજીત બિસ્વાસ
(ક) સંજય પટેલ (ડ) કપિલદેવ

(૩) પૃથ્વી-૨ મિસાઇલનું પરીક્ષણ કયા સ્થળેથી કરવામાં આવ્યું?
(અ) થુમ્બા (બ) શ્રી હરિકોટા
(ક) જયપુર (ડ) ચાંદીપુર

(૪) નોવોક યોકોવિચ કયા દેશનો ટેનિસ ખેલાડી છે?
(અ) સર્બિયા (બ) સ્પેન
(ક) ફ્રાન્સ (ડ) ઇટલી

(૫) ચર્ચિત ક્રીમિયાના માલમે કયા દેશને જી-૮ માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો?
(અ) રશિયા (બ) અમેરિકા
(ક) ફ્રાન્સ (ડ) ચીન

(૬) તાજેતરમાં પોતાના હોદ્દા પરથી રાજીનામું આપનાર નેન્સી પોવેલ કયા દેશના ભારત સ્થિત રાજદૂત હતા?
(અ) રશિયા (બ) જાપાન
(ક) ચીન (ડ) અમેરિકા

(૭) કયો દિવસ 'હિન્દી રંગમંચ દિવસ' તરીકે ઉજવાય છે?
(અ) ૨ એપ્રિલ (બ) ૩ એપ્રિલ
(ક) ૪ એપ્રિલ (ડ) ૫ એપ્રિલ

(૮) તાજેતરમાં ઈસરો દ્વારા કયો ઉપગ્રહ છોડવામાં આવ્યો?
(અ) મેધા ટ્રોપિકલ (બ) IRNSS-1B
(ક) દી-સેટ-૬ (ડ) IRNSS-1A

(૯) ટી-૨૦ વિશ્વકપ-૨૦૧૪નું ચેમ્પિયન કોણ બન્યું?
(અ) બાંગ્લાદેશ (બ) શ્રીલંકા
(ક) જાપાન (ડ) પાકિસ્તાન

(૧૦) ઈન્ડિયા ઓપન સિરીઝ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં કઇ ખેલાડી ચેમ્પિયન બની?
(અ) વેંગ સિઝીયાન (બ) બી. સુરેઇ
(ક) સાયના નેહવાલ (ડ) પી.વી. સિંધુ

(૧૧) કયા ભારતીય ક્રિકેટરને વર્ષ-૨૦૧૪ના એશિયન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો?
(અ) મહેન્દ્ર ધોની (બ) વિરાટ કોહલી
(ક) આર. અશ્વિન (ડ) રોહિત શર્મા

(૧૨) વિઝડન મેગેઝીન કયા ભારતીય ક્રિકેટરને વર્ષ-૨૦૧૩ના શ્રેષ્ઠ પાંચ ક્રિકેટરોમાં સામેલ કર્યો છે?
(અ) વિરાટ કોહલી (બ) રોહિત શર્મા
(ક) શિખર ધવન (ડ) આર અશ્વિન

(૧૩) યુકેના સર્વોચ્ચ મુલ્કિ એવોર્ડ 'નાઇટ ગ્રાન્ટ ક્રોસ' ૨૦૧૪થી કોને સન્માનિત કરવામાં આવ્યા?
(અ) રતન ટાટા (બ) બરાક ઓબામા
(ક) અઝીમ પ્રેમજી (ડ) લક્ષ્મી મિત્તલ

(૧૪) તાજેતરમાં દાદા સાહેબ ફાળકે એવોર્ડ-૨૦૧૪ કોને એનાયત કરવામાં આવ્યો?
(અ) અમિતાભ બચ્ચન (બ) શાહરૂખ ખાન
(ક) દિલીપ કુમાર (ડ) ગુલઝાર

(૧૫) તાજેતરમાં જાહેર થયેલા ફીફા રેકીંગમાં ભારત કેટલા નંબરે છે?
(અ) ૧૪૦માં (બ) ૧૪૪માં
(ક) ૧૪૫માં (ડ) ૧૪૬માં

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૬ જૂન ૧૯૩૭ રોબર્ડ રીચાર્ડસન-અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક, ૧૯૯૬માં નોબેલ પ્રાઇઝ વિજેતા
- ૨૬ જૂન ૧૯૨૮ યોશિરો નાકામટસ-જાપાનના વૈજ્ઞાનિક, ૩૦૦૦ જેટલી પેટન્ટ કરાવનાર
- ૨૬ જૂન ૧૯૨૫ પાવેલ બેલ્યાય-રશિયન અવકાશયાત્રી, વોસ્કોડ-૨ અવકાશ યાનના પાયલટ
- ૨૭ જૂન ૧૯૪૦ ડેનિયલ ગ્રે ક્યુલન - અમેરિકન ગણિતશાસ્ત્રી ૧૯૭૮માં ફીલ્ડ મેડલ વિજેતા
- ૨૭ જૂન ૧૯૦૧ માર્લે એન્ટોની ટુવ - અમેરિકન ભૌતિકશાસ્ત્રી પલ્ડ રેડિયોવેવનાં શોધક.
- ૨૭ જૂન ૧૮૮૫ પીરે મોન્ટેટ-ફ્રેન્ચ ઇજીપ્ટોલોજીસ્ટ
- ૨૮ જૂન ૧૯૪૩ ક્લુસ વોન ક્લીટઝીંગ- જર્મન ભૌતિક વૈજ્ઞાનિક, ૧૯૮૫માં નોબેલ પ્રાઇઝ વિજેતા.
- ૨૮ જૂન ૧૯૨૭ એફ. શેફરવુડ રોવલેન્ડ-અમેરિકન કેમીસ્ટ ૧૯૯૫માં નોબેલ પ્રાઇઝ વિજેતા
- ૨૮ જૂન ૧૯૨૬ રોબર્ટ લેડલે - અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક, એક્સરે સ્કેનરના શોધક.
- ૨૯ જૂન ૧૯૨૪ રોલ્ફ લૂફ્ર - સ્વીડનના એન્ડોક્રાયનોલોજીસ્ટ, માઇક્રોનીડીયલ મેડીસીનના શોધક.
- ૨૯ જૂન ૧૯૦૯ એલન ડોવર બ્લૂમલેઇન - બ્રિટીશ ઇલેક્ટ્રોનીક્સ એન્જીનીયર, ૧૨૮ જેટલી પેટન્ટ નોંધાવનાર
- ૩૦ જૂન ૧૯૪૨ રોહર્ટ બાલાર્ક - અમેરિકન સમુદ્રશાસ્ત્રી ડીપ-શી-શબમરીનના શોધક.
- ૩૦ જૂન ૧૯૨૬ અમેરિકન બાયોકેમીસ્ટ-ન્યૂક્લીયસ એસિડ પર મહત્ત્વનું સંશોધન કરનાર વૈજ્ઞાનિક.
- ૩૦ જૂન ૧૯૧૫ એસ્લો બર્ગુમ - અમેરિકન વનસ્પતિશાસ્ત્રી
- ૧ જુલાઇ ૧૯૪૧ એલ્ફર્ડ ગીલમન-ફાર્માકોલોજીસ્ટ, ૧૯૯૪માં નોબેલ પ્રાઇઝ વિનર.
- ૧ જુલાઇ ૧૯૨૯ ગેરાલ્ડ મૌરિક એડલમન-અમેરિકન બાયોકેમીસ્ટ
- ૧ જુલાઇ ૧૯૧૬ લોસીફ સમુલીયોવીચ સ્કોવલસ્કી-સોવિયેટ - સ્પેશ ભૌતિકશાસ્ત્રી-ક્રેબા નેબ્યુલા રેડિયશન પર સંશોધન.
- ૨ જુલાઇ ૧૯૦૬ હેન્સ અલ્બર્ડ બેથે - જર્મન-અમેરિકન ભૌતિકશાસ્ત્રી-ક્વોન્ટમ ફીઝિક્સમાં સંશોધન.
- ૨ જુલાઇ ૧૮૯૮ હગ.એલ. ડ્રાયડેન - અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક ૧૯૫૮માં નાસાના એડમીનીસ્ટ્રેટર.
- ૨ જુલાઇ ૧૯૯૩ સર ફ્રેન્સીસ સિમોન - જર્મન - બ્રિટીશ ભૌતિકવિજ્ઞાની

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - કેન્દ્રીય મંત્રી અરૂણ જેટલી કયા વિભાગના મંત્રી છે??**
**જવાબ - નાણાં મંત્રાલય**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭
(૪) મહેશ. એમ. જાદવ : સે-૩૦ (૫) પંચાલ ધ્રુવ જે : સે-૨૧
(૬) ચૌહાણ દિનેશચંદ્ર કે : મુ.પો. ભાસર જિ. બનાસકાંઠા
(૭) જયેન્દ્ર પાઠક : સે-૬બી (૮) ગોમતીબેન કનુભાઇ પરમાર : સે-૨ડી
(૯) પંકજ પ્રજાપતિ : ઉવારસદ (૧૦) આરતી દોશી : સે-૩૦

### આ સપ્તાહનો સવાલ

**આસામ રાજયના હાલનાં મુખ્યમંત્રીશ્રી કોણ છે?**

**આપના સાચાં જવાબ સાત દિવસમાં મોકલવામાં માટેનું સ્થળ**
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ક (૪) અ (૫) અ (૬) ડ (૭) બ (૮) બ (૯) અ (૧૦) અ (૧૧) અ
(૧૨) ક (૧૩) અ (૧૪) ડ (૧૫) ક

# તમારી ઘડિયાળમાં છે તે સમય તમારો છે ?

**ધ કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

આંખો ની અડફેટે ક્યારેક કેટલાક અદભુત શબ્દો અને વિચારો ચડી જાય છે ત્યારે કોઈ ગમતું ગીત અચાનક રેડિયો પર વાગી જાય અને એને દોડાદોડી વચ્ચે પણ એ ગીત સાંભળવા જેટલી ફુરસદ હોય એવી લિજ્જત મળે...! આંખોની અડફેટે ચડેલી એક કવિતા, કદાચ થોડા વધુ અર્થો માં એક ક્રાંતિકારી કવિતા... હાથ પકડી ને એક એક શબ્દ સાંભળવા મજબુર કરે એવી , શ્વાસ ભરી નેવિચારવા મજબૂર કરી દે એવી...! તમારી ઘડિયાળ નો સમય તમારો જ હોય તો એ કવિતા તમારા માટે છે...નીચે!

લક્ષ્ય ઢૂંઢથે હૈં વે જિનકો
વર્તમાન સે પ્યાર નહીં હે
ઈસ પલ કી ગરિમા પર જિનકા
થોડા ભી અધિકાર નહીં હૈ
ઈસ ક્ષણ કી ગોલાઈ દેખો
આસમાન પર લુઢક રહી હૈ
નારંગી તરૂણાઈ દેખો
દૂર ક્ષિતિજ પર બિખર રહી હૈ
પક્ષ ઢૂંઢતે હૈં વે જિનકો
જીવન યે સ્વીકાર નહીં હૈ
લક્ષ્ય ઢૂંઢતે હૈં વે જિનકો
વર્તમાન સે પ્યાર નહીં હૈ।
નાપ નાપ કે પીને વાલોં
જીવન કા અપમાન ન કરના
પલ પલ લેખા જોખા વાલોં
ગણિત પે યૂં અભિમાન ન કરના
નપે તુલે વે હીં હૈં જિનકી
બાહોં મેં સંસાર નહીં હૈ
લક્ષ્ય ઢૂંઢતે હૈં વે જિનકો
વર્તમાન સે પ્યાર નહીં હૈ
જિંદા ડૂબે ડૂબે રહતે
મૃત શરીર તૈરા કરતે હૈં
ઉથલે ઉથલે છપ છપ કરતે
ગોતાખોર સુખી રહતે હૈં
સ્વપ્ન વહીં જો નીંદ ઉડા દે
વરના ઉસમે ધાર નહીં હૈ
લક્ષ્ય ઢૂંઢતે હૈં વે જિનકો
વર્તમાન સે પ્યાર નહીં હૈ
કહાં પહુંચને કી જલ્દી હૈ
નૃત્ય ભરો ઈસ ખાલીપન મેં
કિસે દિખાના તુમ હી હો બસ
ગીત રચો ઈસ ઘાયલ મન મેં
પી લો બરસ રહા હૈ અમૃત
યે સાવન લાચાર નહીં હૈ
લક્ષ્ય ઢૂંઢતે હૈં વે જિનકો
વર્તમાન સે પ્યાર નહીં હૈ
કહીં તુમ્હારી ચિંતાઓંકી
ગઠરી પૂંજી ના બન જાએ
કહીં તુમ્હારી માથે કા બલ
શકલ કા હિસ્સા ન બન જાએ
જિસ મન મેં ઉત્સવ હોતા હૈ
કહાં કભી ભી હાર નહીં હૈ
લક્ષ્ય ઢૂંઢતે હૈં વે જિનકો
વર્તમાન સે પ્યાર નહીં હૈં

જીવન જિંદગી લાઈફ ના એનાલિસીસ વિશ્લેષણ અર્થ ઉદેશ્ય વગેરે માટે માણસે માણસે અલગ અલગ ફિલસુફીઓ છે... દરેક ધર્મ , સંસ્કૃતિ , પુસ્તકો જીવન ના મર્મ અને ઉદેશ્યો વિષે કહે છે ! દરેક ના પોતાના અંતર્વિરોધ છે..પક્ષ છે વિપક્ષ છે! પણ કદાચ જીવન એ વર્તમાન ની તીવ્રતમ ક્ષણ છે... અને -સૂન જોશી કદાચ એ જ કહે છે!

આપને સૌ -સૂન જોશી ને 'રંગ દે બસંતી' ના ગીતો થી ઓળખીએ છીએ, સીધી સાદી જબાન, મોતી જેવડા શબ્દો ને દરિયા જેવડી વાત! દરિયા કિનારે ચાલતી સુખદ લહેરખી જેવી આ કવિતા માં સમકાલીન ક્રાંતિ તત્વ છે! આપણા સૌના જીવન આવતી કાલ તરફ છે... ફ્યુચર બ્રાઈટ કરવા ની રેસ માં ક્યાંક આપણે આજ ને તો અંધારા માં નથી રાખતાં ને ? આપણી દરેક આજ પર આવતી કાલ નો ભાર છે , જયારે એ આવતીકાલ આજ બની ને દરવાજે ટકોરા દે ત્યારે ફરી દિવાલ ની તિરાડો માં થી આવતીકાલ ને જોવા મથીએ છીએ, જેવી એ હાથ માં આવે છે...એને આપણે નકારી દઈએ અને કદાચ હાથ માં રહેલી ક્ષણ ની ગરિમા નું અપમાન એ જ જીવનનું અપમાન છે!

સમય દોડે છે...સવાર પડે, અખબાર ની ખબરો અથડાય, ટોવેલ પડ્યો છે, ગીઝર માં પાણી ગરમ થાય છે .. ઘડિયાળ સતત બોલ્યા કરે છે... મન ને ટોક્યા કરે છે! સાડા નવ ની બસ પકડવાની છે, પોણા અગિયાર પહેલા પહોચવાનું છે, લંચ પછી મીટીંગ છે, સવા ત્રણે ફોલો અપ માટે કૉલ કરવાનો છે , બરોબર વંચાતું નથી-ચશ્માંના નંબર વધી ગયા લાગે છે, ૬ દિવસ થી જવું જવું થયા કરે છે પણ જવાતું નથી... જૂના દોસ્ત નો ફોન આવે છે અને કેલેન્ડર પાસે એના માટે તારીખ નથી, ટ્રાફિક વધતો જાય છે, શહેરના સૂરજ બિલ્ડીંગો પાછળ આથમી જાય છે, ઘર પાસે આવતું જાય છે અને યાદ આવે છે બેબી એ મંગાવેલો હાર્ટ શેપ નો ફુગ્ગો - જે ગઈકાલે પણ ભૂલાઈ ગયો હતો! એ સ્ટેન્ડ આવે છે જયાં ઉતરવાનું છે અને મન માં થઈ આવે કે બસ આપણા ઘર સુધી કેમ નથી જતી? બેબી રાહ જોઈ ને બેઠી છે અને તમને ફુગ્ગા વગર ના તમારા ખાલી હાથ નો પણ ડર લાગે છે! ઘર આવે, ચા આવે, બેબી નો ગુસ્સો, થાકેલી આંખો અને ફરી પાછો આજ ને ચૂસી લેતી આવતીકાલ નો ભાર...

બોલો તમારા કાન પાસે એક ગીત આખું સાંભળવાની ફુરસદ છે? બોલો તમને રસ્તા પર બેન્ડ બાજાં જોઈને નાચવાનું મન થાય કછે હજી? આકાશ સામે જોઈને બ્રહ્માંડની અનંતતાના વિચાર આવે છે હજી? પતંગિયા ફૂલ ને નાના જીવડાં જોઈ વિસ્મયની વિસરાયેલી દુનિયા હજી ખૂલે છે? કદાચ આ કેટલાક નાના નાના ટચૂકડાં -માણો છે... જે જીવનની વર્તમાન ક્ષણ ને આવકારે છે!

તમે કોઈ દિવસ કુદરત માં ફ્યુચર પ્લાનિંગ એવો શબ્દ સાંભળ્યો છે ? જાવાના જંગલો માં ફરતા ગેંડા કે ઓસ્ટ્રેલિયાની નદીમાં તરતા મગર કે એમેઝોનના સદાહરિત જંગલો માં કુદાકુદ કરતા વાંદરાઓ પાસે આવતીકાલ નું ટાઈમ ટેબલ જોયું છે ?

(અનુસંધાન પાના નં. ૬ પર)

# અરવિંદ આશ્રમ પોંડીચેરીના આશ્રમવાસીશ્રી પૂજાલાલ રચિત સોરઠી દોહાઓનો રસાસ્વાદ

**ચેતનાનો સમય**
**- પ્રો. ઈન્દુભાઈ ભટ્ટ**

સોરઠી દોહાઓમાં માનવીના જીવનમાં ઉપયોગી એવા દોહાઓમાં ઊંડુ તત્વજ્ઞાન સમાયેલું છે. આ દોહાઓની રચના સોરડી ભાષામાં કરેલ છે. અરવિંદ આશ્રમ પોંડીચેરીના આશ્રમવાસી શ્રી પૂજાલાલે સોરઠી દોહાઓની રચના કરવામાં અથાગ પરિશ્રમ કરેલો છે. દરેક દોહામાં માનવીને ઉપયોગી એવો સંદેશો છે. એક હજાર પંચાવન જેટલા સોરઠી દોહાઓનું સંકલન કરતું પુસ્તક શ્રી પુંજાલાલે પ્રકાશિત કરેલ છે. જેને દોહરાવલી એનું નામ આપ્યું છે. આજના ચેતનાના સમયની કોલમમાં કેટલાક પસંદ કરેલા દોહાઓનું દોહન કરી તેમાં આપેલાં સંદેશો જીલવા જેવો છે. લેખકે સોરઠી દોહાઓને રોચક એવી શૈલીમાં સમજાય તેવી ભાષામાં રજૂ કરેલ છે.

પ્રથમ દોહામાં સંદેશો છે કે -

"પોતાને જ સુધાર સત્વર, સામાને ના સુધારાય જા આમ,
તારા જીવનમાં હશે કે રૂડું તો તે કરશે મુગું કામ"

અર્થાત માનવીએ બીજાને સુધારવાની પંચાતમાં ઉતરવાને બદલે સહુ પ્રથમ તો પોતાની જાતને સુધારવી પડશે. પોતાની જાતમાં કાંઈક રૂડું રૂપાળું સમજવા જેવું હશે, ગ્રહણ કરવા જેવું હશે તો તે આપોઆપ બીજા લોકો માટે મુંગુ કામ કરશે.

બીજા એક દોહામાં સંદેશો છે કે

"ભયનું ભુંડુ ભૂત જેને વળગે તેના ભાગ્ય જતાં ભરમાઇ
શંકા ડાકણ દષ્ટિથી યે રાતા રસને ચૂસી જતી જણાઇ."

અર્થાત્ - માનવીએ તેની સંઘર્ષમય જીંદગીમાં આવતી તકલીફો સમસ્યાઓથી અગાઉથી જ મનમાં ભયની ગ્રંથી બાંધી લે છે એવા માનવીના ભાગ્યમાં ભમરો રહે છે. દરેક બાબતને શંકાથી જુએ અને ભવિષ્યમાં જો કેઇ પરિસ્થિતિઓનું નિર્માણ થવાનું હોય તેની અગાઉથી શંકાઓ સેવનાર માટે આ શંકા ડાકણ સમાન કામ કરશે અને માણસની દષ્ટિમાં જે તાકાત સમાયેલી છે તેને ચૂસી જશે.

ત્રીજા એક દોહામાં સંદેશો છે કે -

"ચિંતા ચેતનની હરી લે ચિનગારીઓ, રહેતી આગ
ઉષ્મા વગરની જિંદગીના બનતા ઉજ્જડ નંદન જેવા બાગ"

અર્થાત્ - માનવી જયારે ચિંતામાં ડૂબેલો રહે છે ત્યારે તેના અંતરમાં આગ લાગે છે એન તેને કારણે તેનામાં રહેલી ચેતનાની ચિનગારીઓને તાકાતને હણી લે છે અને ચિંતાને કારણે જિંદગીની ઉષ્મા મરી જાય છે અને જીંદગીરૂપી લીલોછમ્મ બાગ ઉજ્જડ વેરાન બની જાય છે.

ચોથા એક દોહામાં સંદેશો છે કે -

"માણસ માણસને મળે ત્યાં નહિં જો હૈયા હેરા હેત
તો ચેતીને ચાલવાનું, રસ કસ વગરની છે એ રણની રેત"

અર્થાત્ - બે વ્યક્તિઓ જયારે એકબીજાને મળે ત્યારે બે વચ્ચે પ્રેમ અને લાગણીના સેતુ રચાતા ના હોય ત્યારે ચેતીને ચાલવા જેવું છે. કારણ કે એ મુલાકાતો માત્ર નામની અને રસકસ વગરની રણની રેતી સમાન છે.

પાંચમા એક દોહામાં સંદેશો છે કે -

"ભૂતકાળની જાત કેરા ભૂતોને તું બોલાવી ના લાવ
આવી ભરખી જશે તુજ આત્મા કેરા સચેત ભાવ-વિભાવ"

અર્થાત્ માનવીએ ભૂતકાળને વાગોળ્યા કરવા એ એક પ્રકારનું ભૂતોને આમંત્રણ આપવા જેવું છે. ભૂતકાળના ભૂતોને યાદ કરીને તેને ધૂણાવવાથી વ્યક્તિ દુખી થાય છે અને આવા ભૂતકાળના ભૂતો માનવીના દિલદિમાગમાં અશાંતિ સર્જી શકે છે.

છઠ્ઠા એક દોહામાં સંદેશો છે કે -

"નમી નમીને નમ્રતા દંભી તુ જ અમને બતાવવા ના આવ,
ઘમંડ તારો ઘોર ભીંતર ભર્યો પડ્યો છે પહેલાં તેને દફનાવ."

અર્થાત્ - કેટલાક લોકો પ્રેમ અને લાગણી વિહીન માત્ર દેખાડો કરવા મનમાં ઝેર રાખીને દંભી બીને નમ્રતાનું પ્રદર્શન કરતાં હોય છે. આવા લોકોને માટે કવિ કહે છે કે પહેલાં તારો ઘમંડ જે ભરેલો પડેલો છે તે ઘમંડને તું દફનાવી દે પછી નમ્રતા દેખાડ.

સાતમા દોહામાં સંદેશો છે કે

"સાફ દિલી ના હોય ને ના હોય સરળતા, હોય ના હૈયા હામ
જુવાન એવા જાંગલાથી નહિં સંધાયે ભવ્ય ભાવીના કામ"

અર્થાત્ - જેના વ્યવહારમાં સરળતા ના હોય, હૈયામાં લાગણી ના હોય, દિલ સાફ ના હોય એવા લોકો જુવાનજોધ ખુંટીયા જેવા હોવાથી તેમની સાથે ભાવીના કોઈ કામો પાર પાડી શકાતા નથી. આવા ખુંટીયાથી ચેતવા જેવું છે.

આઠમા એક દોહામાં સંદેશો છે કે -

"વૃથા વેડફી મારતા તુંજ જીવન જોમ ન ધબ્બે ધૂમ ઉડાડ
ઉભી કર આંધી ના જાતે, દષ્ટિતણા તું જ કરના બંધ કમાડ"

અર્થાત્ - હે માનવી તું તારી તાકાતને નકામી વેડફી નાખીને ખોટી આંધી પેદા ના કર તેમજ આંધળો બનીને તારી દષ્ટિના કમાડ બંધ ના કર. જાતે જ પગ ઉપર કુહાડો મારીને આંધી પેદા નહિં કરવાનો સંદેશો છે.

નવમા એક દોહામાં સંદેશો છે કે -

"દુખો કેરા ડુંગરાને ખોદી ખોદી કીધી સુખની ખોજ,
પણ દુઃખોના ગર્ભમાંથી દુખ જ જનમ્યુ રડાવનારું રોજ"

કેટલાક લોકો સુખની શોધમાં ફાંફા મારીને વગર વિચાર્યે ખોટી શક્તિ વેડફે છે. આવા લોકોને તો સુખની શોધ કરવામાં સુખને બદલે દુખોનાં દર્દરૂપી ગર્ભમાંથી માત્ર દુખ જ પેદા થાય છે અને તે હસાવવાને બદલે રડાવનારું નિવડે છે.

દસમાં એક દોહામાં સંદેશો છે કે -

"ઉંચે ચડવું હોય તો કરવો પડતો નીચેથી આરંભ
એક કુદકે કોઈ ના પહોંચે શકતું શિખરે વૃક્ષા જશે આરંભ"

માનવીએ સફળતાના શીખરો હાંસલ કરવા હશે તો તેણે એકડે એકથી નીચેની પોતાના આત્મબળથી પુરૂષાર્થથી આરંભ કરવો પડશે. એક જ કુદકે આરંભ કરીને સીધા સફળતાના શિખરોને આંબી શકાતાં નથી.

અગિયારમાં એક દોહામાં સંદેશો છે કે -

"માણસ માણસ સાથ સાચા માણસ માફક કરે ના જો વર્તાવ,
તો તે કાં તો દેવ છે જે નથી સંભવિત, કાં તો તો સેતાન જ સાવ"

અર્થાત્ એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે એક માણસ બીજા સાચા માણસ માફક વર્તાવ ના દાખવે તો તે કાં તો દેવ છે પણ એ તો શક્ય નથી કારણ કે એ તો સાચા માણસ જેવો વ્યવહાર કરતો નથી. આથી આવો ખોટો માણસ શૈતાન સમાન છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)